# સ્વાધ્યાય 4.2


**1. નીચેના ચતુષ્કોણની રચના કરો :**

**(i) ચતુષ્કોણ LIFT**

**LI = 4 સેમી, IF = 3 સેમી, TL = 2.5 સેમી, LF = 4.5 સેમી, IT = 4 સેમી**

જ. **પક્ષ :** LI = 4 સેમી, IF = 3 સેમી, TL = 2.5 સેમી, LF = 4.5 સેમી, IT = 4 સેમી

**રચના :** ચતુષ્કોણ LIFT




**રચનાના સોપાન :**

(a) LI = 4 સેમી દોરો.

(b) L માંથી 4.5 સેમી ત્રિજ્યા લઇ ચાપ દોરો.

(c) I માંથી 3 સેમી ત્રિજ્યા લઇ ચાપ દોરો. આ ચાપ જ્યાં પ્રથમ ચાપ ને છેડે તેને F નામ આપો.

(d) રેખાખંડ LI અને IF જોડો.

(e) L માંથી 2.5 સેમી ત્રિજ્યા લઇ ચાપ દોરો.

(f) I માંથી 4 સેમી ત્રિજ્યા લઇ ચાપ દોરો.

(g) આ ચાપ જ્યાં પ્રથમ ચાપ ને છેડે તેને T નામ આપો.

(h) રેખાખંડ LT, IF, અને FT જોડો.


ચતુષ્કોણ LIFT માંગેલ ચતુષ્કોણ છે.

**(ii) ચતુષ્કોણ GOLD**

**OL = 7.5 સેમી, GL = 6 સેમી, GD = 6 સેમી, LD = 5 સેમી, OD = 10 સેમી**

જ. **પક્ષ :** OL = 7.5 સેમી, GL = 6 સેમી, GD = 6 સેમી, LD = 5 સેમી, OD = 10 સેમી

**રચના :** ચતુષ્કોણ GOLD




**રચનાના સોપાન :**

(a) OL = 7.5 સેમી દોરો.

(b) L માંથી 5 સેમી ત્રિજ્યા લઈ ચાપ દોરો.

(c) O માંથી 10 સેમી ત્રિજ્યા લઈ ચાપ દોરો. આ ચાપ જ્યાં પ્રથમ ચાપ ને છેડે તેને D નામ આપો.

(d) રેખાખંડ OD અને OL જોડો.

(e) D માંથી 6 સેમી ત્રિજ્યા લઈ ચાપ દોરો.

(f) L માંથી 6 સેમી ત્રિજ્યા લઈ ચાપ દોરો.

(g) આ ચાપ જ્યાં પ્રથમ ચાપ ને છેડે તેને G નામ આપો.

(h) રેખાખંડ GO, GL અને GD જોડો.


ચતુષ્કોણ GOLD માંગેલ ચતુષ્કોણ છે.

(iii) **સમબાજુ ચતુષ્કોણ BEND**

**BN = 5.6 સેમી, DE = 6.5 સેમી**

જ. **પક્ષ :** BN = 5.6 સેમી, DE = 6.5 સેમી

**રચના :** સમબાજુ ચતુષ્કોણ BEND




**રચનાના સોપાન :**

(a) DE = 6.5 સેમી દોરો.

(b) DE નો લંબદ્વિભાજક રચો.

(c) લંબદ્વિભાજક અને DE ના છેદબિંદુ O માંથી 2.8 સેમી ત્રિજ્યા લઈ DE ની ઉપર તેમજ નીચે ચાપ દોરો.

(d) આ ચાપ જ્યાં લંબદ્વિભાજક ને છેદે તેને N તેમજ B નામ આપો.

(e) રેખાખંડ BE, EN, ND અને ND જોડો.

ચતુષ્કોણ BEND માંગેલ સમબાજુ ચતુષ્કોણ છે.